| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Saurashtra Aaspas | 04 | 12-07-2014 |

### સાંસદ પૂનમબેન માડમના હસ્તે

# એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વાડિનારમાં માતા અને બાળ દેખરેખ કેન્દ્રનું વિસ્તરણ

## આરોગ્ય શિબિરનો ૩૫૬ ગ્રામ્યજનોએ લાભ લીધો



આસપાસ, જામનગર એસ્સારફાઉન્ડેશનના સામુહિક આરોગ્ય યોજના અંર્તગત સામાજિક સેવા પ્રવૃતિમાંવધુ એક સેવાની યશકલગી ઉમેરાઈ છે. જેમાં વાડિનાર ખાતે માતા અને બાળદેખરેખ કેન્દ્ર માં વધારે સેવાઓ ઉમેરી રહયા છે. અત્યાર સુધી એક બાળરોગઅને સ્ત્રીરોગ નિષ્ણાંત દવારા સાપ્તાહિક સેવાઓ પુરી પાડવામાં આવતી હતી,હવેથી આ સેવાઓમાં એક આંખના અને દાંતના નિષ્ણાંતની સેવાનો ઉમેરોકરવામાં આવી રહયો છે.

આપ્રસંગે જામનગરના માનનીય સંસદ સભ્ય પૂનમબેન માડમ ના હસ્તે કેન્દ્રનીમરામત અને નવીનીકરણ નાં મુહુર્ત સાથે અન્ય સેવાઓના વિસ્તરણની જાહેરાતકરવામાં આવી હતી. તદ્ઉપરાંત, આ પ્રસંગે એક વિશાળ આરોગ્ય શિબિરનુંઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં ઓર્થોડેનીસ્ટ, સ્ત્રીરોગ નિષ્ણાંત,બાળરોગ અને નેત્રતજજ્ઞો એવા ૨૧ ડોકટરોની ખાસ ટીમ હતી. જેઓએ આસપાસનાંગામોનાં લગભગ ૩૫૬ જેટલા દર્દીઓની મફત ચકાસણી અને દવાઓનીસેવાઓ પુરી પાડી હતી. આપ્રસંગે તબીબી સેવાઓ અને અન્ય સમાતંર કાર્યક્રમોમાં સમૂહ સીવાય,રોગનાશક પાસાની દષ્ટિએ સેવાઓનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. એટલું જનહી, પરંતુ રોગ નિવારક પાસાઓની પણ કાળજી લેવામાં આવી હતી. આ પ્રસંગેબિમારીઓ વિશે વર્ષ દરમ્યાન સંદેશાવાહક જાગૃતિ સત્રોનો પ્રારંભ કરવામાંઆવ્યો હતો. પૂનમબેન માડમ દવારા એસ્સાર ઓઈલ લી. ના વર્ષે૨૦૧૩–૧૪ નો સીએસઆર નો વાર્ષિક રિપોર્ટ પણ પ્રક્ષેપણ કરાયો હતો.

પૂનમબેન માડમ ને રાજકીય ક્ષેત્રમાં ઉજાગર થવા અંગે તથા ડો. પી.બી.વસોયા, જામનગર જીલ્લા પંચાયત પ્રમુખને જામનગર જીલ્લાના નોંધનીય વિકાસમાટે તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત, ડો.નયનાબેન પટેલ (ઈન ચાર્જ ડીન – ડેન્ટલ કોલેજ), ડો. મહેતા (બિન સંચારીરોગોના નિષ્ણાંત), ડો. પ્રશાંત તન્ના (બાળરોગ નિષ્ણાંત), ડો. બીજલ શાલીનપટેલ (સ્ત્રીરોગ નિષ્ણાંત), ડો. પૂજા પટેલ (દંત ચિકિત્સક) અને ડો.ડી.પી.પંડયા (નેત્રરોગ ચિકિત્સક) વગેરેનાઓને તેમના સંબંધિત ક્ષેત્રોમાં તેમનાસર્મપણ અને લાંબા ગાળાના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.વાડિનાર સરપંચ કાસમભાઈ અને ભરાણાના સરપંચ હુસેનભાઈ તથા વાડિનારગામના આગેવાન સી. આર. જાડેજા તથા અન્ય આગેવાનોએ પણ હાજરી આપી હતી.

એસ્સાર ઓઈલ લી.અને ઈન્ડિયન ઓઈલ લી. ના ઉચ્ચ અધિકારીઓ સહિત એસ્સાર ઓઈલ લી. ના ડાયરેકટર. સી. મનોહરન, એસ્સાર ઓઈલ લી. ના સિનિયર વાઈસ પ્રેસીડન્ટ . નારદાસીગ અને રાનુ રામ, ચીફ ઓપરેશન મેનેજર, ઈન્ડિયન ઓઈલ લી. વગેરેએ આપ્રસંગની ખુબ પ્રશંસા કરી અને ભવિષ્યમાં સંયુકત સહયોગથી વધુ કાર્યક્રમોથાય તેવા વિચારો વ્યકત કર્યો હતા. અન્ય અધિકારીઓ માં આર.કે.લોધી (પર્યાવરણના વડા–એસ્સાર ઓઈલ લી.)